શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૫૨ ● સળંગ અંક : ૧૦૩ ● તા. ૩૦ મે ૨૦૨૦ થી ૦૫ જૂન ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



આપની ડીમાન્ડ,
અમારી કોશિશ

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

લોકડાઉનમાં પણ અર્થતંત્રની
નાડ ધબકતી રાખતી અરિહંત બેન્ક

એક વાત લખી રાખજો...

બીજાના સહારે ખાલી અર્થી જ નીકળે,

જ્યારે...

પોતોના દમ પર આખી જીંદગી

નીકળે...

અને...

માણસ તો જોઈએ તેટલા મળે છે,

પરંતુ...

જોઈએ તેવા ભાગ્યે જ મળે છે

- એક સદ્ગૃસ્થ



નીશિથ આનંદ દંડ

Sure Safety ®

Complete Safety Solutions

PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# જીવન એટલે જન્મ અને મૃત્યુ વચ્ચેનો ગાળો

જન્મ અને જીવનાંત વચ્ચેનો સમય એટલે જીવન, જિંદગી, અસ્તિત્વ, હયાતી. જન્મ પામેલ જીવ સમય જતાં વિકસતો, સમજતો થાય છે. વિવિધ શક્તિઓ પ્રાપ્ત કરે છે જ્ઞાન, શિક્ષણ મેળવી નવું સર્જન કરવા કાબિલ બને છે અને પછી શાંત થઈ જાય છે. આ છે જિંદગીની યાત્રા, એક જીવના ઉદય અને અસ્ત, એક સમુદ્રની અથાગ તોફાની લહેરની ભરતી અને ઓટની કથની. જીવ જન્મ લે છે ત્યારે શ્વાસ ધબકે છે અને શ્વાસ વિરમે છે એટલે જીવ અંત પામે છે. માણસ જાય છે પણ પાછળ મૂકી જાય છે, સ્વયં સત્કાર્યની સુવાસ. આખી જીવન યાત્રા દરમ્યાન તેણે કરેલા કાર્યોની સુગંધ કે બદકાર્યોની બદનામી પાછળ મૂકી જાય છે. એણે કરેલા સર્જન એનું નામ, એનો વંશ આગળ વધારે છે. એણે કરેલા સર્જન આ જીવનમાં તેના નામ, તેના કર્મને લીધે સરળ, સફળ કે વિફળ બનાવે છે.

જન્મ અને મૃત્યુનું આ ચક્ર સતત ચાલ્યા કરે છે. તેનો કોઈ અંત નથી, તેને કોઈ વિરામ નથી. જન્મ વખતે જીવ રડે છે અને પરિવાર ખુશ થઈ હસે છે. જ્યારે અંત સમયે જીવ હસતો હોય છે અને પરિવાર દુ:ખને શોકમાં રડે છે. આ હસી-ખુશી અને રૂદનનો ખેલ છે અને આપણે સૌ એમાં ભાગ લેતા કલાકારો. જન્મ થાય એની સમજ-જાણ હોય છે પણ નિશ્ચિત વાર તારીખને સમય ખબર નથી હોતી. જ્યારે મૃત્યુ ક્યારે થશે, શાને કારણે થશે એની સુદ્ધા કોઈને અણસાર અગમચેતી નથી હોતી. જન્મ અને મૃત્યુ વચ્ચે કેટકેટલી યાત્રા, સફર થઈ હોય છે. એક સ્થળે જન્મ પામેલ જીવ ક્યારે અને ક્યાં મૃત્યુ પામશે એ નક્કી નથી હોતું. આ અનંત સફર દરમ્યાન કેટ કેટલાં કર્મ, કાર્યો અને સંબંધના તાણાવાણા જોડ્યા કે તોડ્યા હશે.

આ સૃષ્ટિ પરમાત્માનું સર્જન છે. તેમ અહીંયા નાના મોટા જીવ-જંતુ પણ એણે રચેલો ક્રમ છે. નવજાત જીવમાંનું ગર્ભમાં પોષણ એની માતા દ્વારા થાય છે. સંસારમાં આવતા ક્રમશ એની શક્તિને ક્ષમતા બીજાના આધારિત હોય છે. આસ્તે આસ્તે પોતાની રીતે સક્ષમ થાય છે. શારીરિક રીતે સ્વસ્થ અને માનસિક રીતે સુદ્રઢ બને છે. સંપૂર્ણ વિકસીત પછી ધીમે ધીમે અસ્તાચળ ભણી આગળ વધે છે. જેમ જેમ તેની શક્તિઓ વિકસી હતી એમ એમ તેની શક્તિઓ ક્ષીણ થતી જાય છે. આ વૃદ્ધાવસ્થા છે. શારીરિક અસ્ત અવસ્થા છે. ઉંમર વધે તેમ તેમ વૃદ્ધાવસ્થા નાના બાળકની જેમ થઈ જાય છે. પ્રવાહી ખોરાક, બીજાને આધારિત જીવન વિતે છે. આમ જીવનની અંતિમ અવસ્થા નવજાત શિશુની જેમ થાય છે. બંન્ને અવસ્થા અશક્ત અને લાચાર. બાળકનું મન તેનું હાસ્ય નિર્દોષ ભોળું હોય છે. જ્યારે વુદ્ધજનના મનમાં સ્નેહીજનો પ્રત્યેના ગમા અણગમા અને અટંસ બંધાઈ હોય છે. જે ભૂલી ભૂલાતી નથી, છૂટતી નથી. શિશુનો ક્રમશ વિકાસ થતો હોય છે. જ્યારે વૃદ્ધની અંતિમ અવસ્થા અસ્તાચળ ભણી ગતિ કરતી હોય છે. આમ જીવન વિકાસ અને અંત ભણી આગળ વધતો પ્રવાસ છે. માત્ર સારા કરેલા કાર્યો પરકાજે કરેલ કામો, અન્યને ઉપયોગી થઈએ એવું જીવન આપણી પાછળ સ્મૃતિશેષ રહે છે. ઉત્તમ રીતે જીવયા હોઈ તો સૌની સ્મૃતિમાં રહીએ. સારા કર્મ સંભારી આપણને કોઈ યાદ કરે કે ન કરે આપણે અંત સમયે સંતોષ પામીએ તો એ ઘણું.

- જય જ્ઞાતિમૈયા

# નારી શક્તિ સમિતિનું ઉદ્યમશીલ કાર્ય

છેલ્લાં બે માસથી વધુ સમય થયો દેશમાં કોરોના વાઈરસના પ્રકોપના કારણોસર વ્યાપાર ધંધાની પ્રવૃત્તિઓ ઠપ થઈ ગઈ છે. નાનાથી નાનો અને મોટાથી મોટો કારોબાર કરતો વર્ગ યેનકેન પ્રકારે તકલીફ ભોગવી રહ્યો છે. નુકસાની ગણી રહ્યો છે.

ઘરે બેઠાં ગૃહ ઉદ્યોગ કરતી મહિલાઓ, પુરૂષો પણ પોતાની રીતે મૂંઝવણમાં મૂકાયા છે. આ સંકટ કાળમાં માથે હાથ રાખીને કેટલું બેસવું ? આ લોકડાઉન સમય ગાળાનો લાભ કેવી રીતે લઈ શકાય એ માટે સમસ્ત મહાજનની નારી શક્તિ સમિતિ સક્રીય થઈ. આગળ આવી નાના પાયે ઉપયોગી અને ઉદ્યમી કાર્ય થઈ શકે એવો પ્રકલ્પ જ્ઞાતિ સમક્ષ રજૂ કર્યો. કોરોના કાળમાં બહુ ખપત ધરાવતા કાપડના વોશેબલ, રીયૂઝ માસ્ક બનાવવાનું શીખવ્યું. સામાન્ય વર્ગને પણ પોસાય એવી કિંમત ધરાવતા આ માસ્કનું ઉત્પાદન વિવિધ રંગ, ડિઝાઈન અને ક્વોલીટીમાં બનાવી બજારમાં તે સરળતાથી વેંચી શકાય છે.

આ ઉદ્યમથી ઘરબેઠાં મહિલાઓ, પુરૂષો તેમજ દિવ્યાંગજનો પણ સરળતાથી તેનું નિર્માણ કરે છે. બસ, ટ્રેન વ્યવહાર બંધ છે. કુરીયર-પાર્સલ સર્વીસ બંધ છે. તે છતાં જરૂરિયાત ધરાવતા વર્ગ સુધી માસ્કના જથ્થો પહોંચાડવામાં વધુ કંઈ તકલીફ નથી થઈ. આગામી સમયમાં ધીરે ધીરે લદાયેલા પ્રતિબંધો ખૂલશે એટલે તેની સપ્લાય ચેઈન વિસ્તૃત થશે. ભવિષ્યમાં આ શ્રૃંખલામાં અન્ય ચીજ વસ્તુઓ બનાવવાનું પણ શક્ય થશે. જેને લીધે ગૃહ ઉદ્યોગનું ફલક વિસ્તરતો જશે.

સંકટના આ સમયે જ્ઞાતિજનોના ચહેરા પર સ્મિત લાવી દે એવો પ્રોજેક્ટ લોન્ચ કરવા બદલ નારી શક્તિ સમિતિ, સ્વરોજ સમિતિની કર્મઠનિષ્ઠ સૌ બહેનો અભિનંદનના અધિકારી છે. જ્યાં ઈચ્છા શક્તિ છે ત્યાં રસ્તા પણ છે.

**Where is will there is way**

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


JAYMAN KHONA - 9869473339

anmol COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339

Anmol Balaji Broking
Estate and Investment Consultant

MAHARERA ID : A51800000364

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

# લોકડાઉનમાં પણ અર્થતંત્રની નાડ ધબકતી રાખતી અરિહંત બેન્ક!

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

જેમ શરીર સ્વાસ્થ્યની સંભાળ હોસ્પિટલ, દવાખાના અને ડોક્ટરોના હાથમાં હોય છે એવી જ રીતે દેશના નાણા વ્યવહાર, અર્થતંત્રની નાડ-બેંકીંગ સિસ્ટમ પાસે છે. સામાન્ય જણને રોજ બરોજના વ્યવહાર માટે બેંકમાં જવું પડતું હોય છે. ફાયર ડીપાર્ટમેન્ટ, પોલીસ ડીપાર્ટમેન્ટ, મીડિયા વર્લ્ડની જેમ બેંકીગ ડીપાર્ટમેન્ટ પણ આવશ્યક-જરૂરી સેવા તરીકે વર્ગીકૃત કરાયેલ છે.

સવા બે માસ ઉપર સમય થયો લોકડાઉનને કારણે જીવન વ્યવહાર ખોરવાઈ ગયો છે. અવરજવરના સાધનો બંધ છે. ઘરમાં જ રહેવાની સરકારી તંત્રોની સૂચના, માસ્ક લગાવવું, સોશ્યલ ડિસ્ટેન્સ જાળવું, કોઈના સંપર્કમાં ન આવવું આ બધા પ્રતિબંધો છતાં બેંકોએ પોતાનો વ્યવહાર સુપેરે જાળવી રાખેલ છે. આ કેવી રીતે શક્ય બન્યું એ બાબતે આપણી અરિહંત બેંકના ચેરમેન હીરાચંદભાઈ દંડની મુલાકાત મનિષા લાલકાએ લીધી.

**મનિષા લાલકા** : સૌ પહેલાં તો લોકડાઉનની શરૂઆત થઈ ત્યારે પબ્લિક વાહન વ્યવહાર બંધ થઈ જતાં બેંકમાં સ્ટાફને પહોંચવા તકલીફ પડી જ હશે. તે માટે તમારું શું કહેવું છે?

**હીરાચંદભાઈ** : સ્ટાફને આવવા જવા માટે તકલીફ જરૂર પડી. ખાસ કરીને એપ્રિલમાં ઓછો સ્ટાફ પહોંચી શક્યો હતો. બહુધા સ્ટાફ ડોંબિવલીમાં રહે છે એટલે આવવા માટે અસુવિધા હતી.

બોરીવલી બ્રાંચ માટે મુલુંડથી રેગ્યુલર એક સ્ટાફ પહોંચે છે. ત્યાં હમણાં બિલ્ડીંગ આખી કવોરન્ટાઈન કરાઈ ત્યારે બાર દિવસ ત્યાં જઈ ન શક્યા તે પિરીયડ છોડી રેગ્યુલર વ્યવહાર ત્યાં જળવાઈ રહ્યો હતો. સ્ટાફને શરૂઆતમાં ટ્રાવેલિંગ માટે તકલીફ હતી. હજી પણ છે છતાં હવે બધા સરળતાથી પહોંચી શકે છે. એપ્રિલમાં સ્ટાફ પણ ઓછો આવતો હતો. તે વખતે વાહન વ્યવહારની સગવડ હતી કારણ કે અવર જવર ઓછી હતી. બસમાં જગા પણ મળી જતી હતી.

બીજો લોકડાઉન તબક્કો શરૂ થયો ત્યારે જરૂરિયાતવાળી ઈન્ડસ્ટ્રીઝને છૂટમળી તેને લીધે ટ્રાફિક વધતો ગયો.તેને લીધે આવવા જવામાં, જગા મેળવવામાં મુશ્કેલી થતી હતી, સમય વધુ લાગતો હતો છતાં અગવડ સહન કરી સ્ટાફ આવતો રહ્યો હતો.

એપ્રિલ અંતે સ્ટાફ સાથે ઝૂમ ઉપર મિટીંગ કરી તેમનાં સૌના વિચારો જાણ્યા. બીજી બેંકોની જેમ સ્ટાફને ટ્રાવેલીંગ ફેસેલેટી કરી આપવી ફાયનાસિયલ રીતે શક્ય નહોતું. સ્ટાફ પોતાની રીતે એરેજમેન્ટ કરી શકત તો મેનેજમેન્ટ અમુક કોન્ટ્રીબ્યુશન આપી શકત. પણ સ્ટાફ આ એરેજમેન્ટ ન કરી શક્યું. પણ હવે સૌ બેસ્ટ, એસ.ટી.બસો દ્વારા કે પોતાની સગવડ પ્રમાણે પહોંચી આવે છે હવે સ્ટાફની એટેન્ડન્સ સારી છે. એટલે એ ઈશ્યુ હવે રહ્યો નથી. બીજી મોહીલી બ્રાંચના ઉપર હોસ્પિટલ છે.તે બિલ્ડીંગમાં એક ડોક્ટર અને એક સ્ટાફ કોરોનાગ્રસ્ત થતા પૂરી બિલ્ડીંગ સીલ કરાઈ હતી. બેંકની બ્રાંચ મેનેજમેન્ટને ત્યાંના લોકલ રહેવાસીઓએ કો-ઓપરેશન કર્યુ. પછી તો બ્રાંચ શરૂ કરવાની મંજૂરી પણ મળી. સ્ટાફ પણ કામ ઉપર આવતો. ગ્રાહકને બ્રાંચના મેઈનગેટ ઉપર રોકી ચેક, કેશ કે અન્ય ડોક્યુમેન્ટ સિક્યુરીટી સ્ટાફ કલેક્ટ કરી અંદર જઈ તે વ્યવહાર નિપટાવી બહાર ઊભા ગ્રાહકને પરત સોંપી દેતો. આમ સ્ટાફ અને ગ્રાહકના તાલમેલથી બધો વ્યવહાર થઈ રહ્યો હતો. કોઈ મોટી કેશનો વ્યવહાર આવે તેને ઘાટકોપર કે અન્ય બ્રાંચ માટે સજેશન કરી ત્યાં મોકલતા.

**મનિષા લાલકા** : લોકડાઉન જેવી કપરી પરિસ્થિતિમાં અચાનક આર્થિક વ્યવહારનો બોજ આવી જતાં સામાન્ય કરતાં વધુ એફ.ડી. તોડાવી કેશ લઈ કે એવી કોઈ ભયાનક પરિસ્થિતિ આવશે એવા ડરથી અધવચ્ચે એફ.ડી. વ્યવહાર થંભાવીને કેશ લીધી હોય એવી કોઈ ઘટનાઓ?

**હીરાચંદભાઈ** : એવી અસાધારણ પરિસ્થિતિ કોઈ પણ આવી નથી. બલકે ગ્રાહકોના 3% FD માં વધારો થયો છે. જે કંઈ FD હતી એ બધી રેગ્યુલર મેચ્યુરિટી પિરીયડની હતી. એ સારી પરિસ્થિતિ છે એ સમજવું રહ્યું.

# લોકડાઉનમાં પણ અર્થતંત્રની નાડ ધબકતી રાખતી અરિહંત બેન્ક!



**મનિષા લાલકા** : લોકડાઉનના સમયમાં કસ્ટમરને લોન માટે શું વિશેષ સેવાઓ આપી?

**હીરાચંદભાઈ** : જેમણે લોન લીધેલ છે એવા કસ્ટમરને આવા કપરા સમયમાં વધુ લોનની જરૂરત હોઈ શકે. એ બાબતે બેંક તરફથી સામેથી સંપર્ક કરવામાં આવ્યો અને તેમને જરૂરત મુજબ લોનમાં વધારો કરી આપવામાં આવ્યો.

**મનિષા લાલકા** : એપ્રિલ મહિનામાં બેંકનું કેશ ટ્રાન્ઝેક્શન કેવું રહ્યું ?

**હીરાચંદભાઈ** : આ સમયમાં રિઝર્વ બેંક એ પોતાની સીસ્ટમ ચેન્જ કરી અને બેંકોમાંથી એક્સેસ કેશ લેવાનો બંધ કર્યો ત્યારે આપણી બેંકએ જેટલી પણ કેશ આવતી હતી તેટલી લઈ લીધી, રીસ્ક સામે તેટલું એન્સ્યોરન્સ પણ વધારી લીધું.

**મનિષા લાલકા** : આ લોકડાઉન પિરીયડમાં ગ્રાહકોનો રીસ્પોન્સ એમનો કોઓપરેશન કે એમના પ્રતિભાવો સારા કે નરસા મળ્યા હોય તેવી વિગત આપશો.

**હીરાચંદભાઈ** : દરેક બ્રાન્ચમાં કસ્ટમરનો સપોર્ટ સારો રહ્યો. જેઓ બેંકના સ્ટાફની મુશ્કેલી સમજતા હતા. તેઓ અગવડ સગવડ વેઠીને નાણાંકીય વ્યવહાર જાળવી રાખવા મદદરૂપ થાય એવા પોઝિટીવ એપ્રોચને લીધે સૌ હેલ્પફૂલ રહેતા હતા.

ડોંબિવલીમાંથી રમેશભાઈ હીરજી લોડાયાનો મને ઈમેલ આવ્યો કે આવી કપરી પરિસ્થિતિમાં પણ ચેક બુક વિગેરેની સારી સુવિધા બ્રાંચમાંથી મળી. એવી જ રીતે ભાંડુપ બ્રાંચમાંથી સિનિયર સિટીઝન હીરાચંદ નાગડાનો એપ્રિશિએશનનો મેઈલ આવ્યો કે બ્રાંચમાંથી સ્ટાફએ તેમના ઘરે જઈ કેશ પહોંચાડી મને સગવડ આપી. મને આ ભાઈએ પૂછ્યું હતું કે ઘર પહોંચ રોકડ પહોંચાડી શકે ખરા? હું સ્ટાફને આવી સૂચના આપી ન શકું. હાલે કોઈ અજાણ્યાના સંપર્ક આવવું પણ તકલીફ ભર્યું છે તે છતાં ભાંડુપ બ્રાંચના સ્ટાફએ એડજસ્ટ કરીને તેમને ઘરે બેઠા સગવડ કરી આપી જે માટે પ્રશંસા કરી હતી તેમજ ખુશી વ્યક્ત કરી હતી. આ ઉપરાંત અન્ય બ્રાંચના ગ્રાહકનો પણ પ્રશંસાપત્ર મને મળ્યો છે. આમ ગ્રાહકોએ આવી પરિસ્થિતિમાં પણ બેન્કના ગ્રાહકલક્ષી વલણથી સંતોષ અનુભવ્યો એની મને ખુશી છે.

**મનિષા લાલકા** : બોર્ડ મેનેજમેન્ટ મિટીંગ માટે શું વ્યવસ્થા કરી છે? શું સ્ટેપ્સ લીધા છે?

**હીરાચંદભાઈ** : પહેલાં રેગ્યુલર મિટીંગ ઝૂમ એપ ઉપર થતી હતી. પછી આર.બી.આઈ તરફથી બધી બેંકોને સર્ક્યુલર ગયો કે બેંકોની મિટીંગ ઝૂમ એપ ઉપર કરવી સેફ નથી એટલે ત્યારબાદ એલેક્સ ઉપર દર પંદર દિવસે બોર્ડ મિટીંગ કરતા હતા. જે હવે દર અઠવાડિયે મળી એ છીએ. ટ્રાવેલીંગ ટાઈમની બચત થાય છે એ નફામાં. રૂટિન કામ એપ દ્વારા થાય છે.

**મનિષા લાલકા** : લોકડાઉન પિરીયડમાં શું નવું શીખવા મળ્યું? એ વિષે તમારું શું કહેવું છે?

**હીરાચંદભાઈ** : હવે લાગે છે ફિઝીકલી મળ્યા વગર જગ્યા ઉપર બેસીને સ્મુધલી વર્ક થઈ શકે છે. એક બીજા સાથે મળાય છે. ઈન્ટરવ્યુ વર્ચ્યુઅલ લેવાય છે એ ફાયદો જાણવા મળ્યો છે. આખું વર્લ્ડ આ રીતે મળી મેનેજ કરે છે. એક બીજા સાથે વિડીયો કોલ ઉપર મળી સમય બચાવે છે. આ રીતે કામ ઈઝી થઈ ગયું છે. વિચારોનું આદાનપ્રદાન ડોક્યુમેન્ટ વિગેરે આમ આસાનીથી એકબીજાને પહોંચાડી શકાય છે. આમ વર્ક ફ્રોમ હોમનો કન્સેપ્ટનો આવિષ્કાર આ લોકડાઉનમાં મળ્યો છે અને સફળ થયો છે.

બેંકનો ઈ.ડી.પી. ડીપાર્ટમેન્ટ વર્ક ફ્રોમ હોમ કરી અમને ઉપયોગી થાય છે અને સારું રીઝલ્ટ અમને આપે છે.

**મનિષા લાલકા**: હીરાચંદભાઈ, આપ લોકડાઉન કાળના અરિહંત બેંકના વ્યવહાર સંચાલન માટેના વિચાર મોકળા મનથી વ્યક્ત કર્યા અને અનુભવો કહ્યા એ માટે આપનો આભાર.

**હીરાચંદભાઈ**: તમે પણ ઉત્સુક રીતે સવાલો પુછી જિજ્ઞાસા બતાવી એ માટે તમારો પણ આભાર. ધન્યવાદ. છેવટે હું એટલું જ કહીશ કે....

**જહાં ચાહ હૈ વહાં રાહ હૈ**

# વાપી સંઘના શ્રી વિમલનાથ સ્વામી જિનાલયનો ૨૭મો ધ્વજારોહણ મહોત્સવ ઉજવાયો

તા. ૨૫ મે ૨૦૨૦ સોમવાર દિને વાપી અલચગચ્છ જૈન સંઘમાં મહાવીર નગરે આવેલા શ્રી વિમલનાથ સ્વામી જિનાલયની ૨૭મી ધ્વજારોહણ મહોત્સવ કોવિડ-૧૯ ના કારણે ઉદ્‌ભવેલ અસાધારણ પરિસ્થિતિને લક્ષમાં લઈ અત્યંત સાદાઈથી છતાં પૂર્ણ ધાર્મિક વિધિઓ સાથે મંડળની બહેનોના સથવારે ઉત્સાહભેર સંપન્ન થયો. મહોત્સવના લાભાર્થી પરિવાર વસંતભાઈ કાનજી ગાલા ગઢશીશા અને મહેન્દ્રભાઈ સાવલા કોટડી મહાદેપૂરી હતા.








# સુથરી સંઘમાં પ.પૂ.હિતવર્ધન સાગરજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ કાર્યક્રમ

શ્રી ધૃત કલ્લોલ દાદાની અસીમકૃપાથી તથા તપસ્વી તપચક્રવર્તી પ.પૂ.અચલગચ્છાધિપતિશ્રીના અમીદ્રષ્ટિએ અબડાસાના ધર્મતીર્થ સુથરી સંઘમાં પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી પ.પૂ.મુનિરાજ શ્રી પુણ્યોદય સાગરજી મ.સા.ના શિષ્ય ૨૭ વર્ષથી વરસીતપના આરાધક પ.પૂ.મુનિશ્રીહિતવર્ધન સાગરજી મ.સા.નો ચાતુર્માસ માટે મંગલ આગમન પ્રવેશ તા. ૪ જુલાઈ ૨૦૨૦ શનિવાર રોજે અષાઢ સુદ પુનમ દિને ભવ્યતાથી થશે. સૌ ગામવાસીઓ ધર્મ અનુરાગી જ્ઞાતિજનો ચાતુર્માસની ભવ્ય આરાધનાઓ તા. ૩ જુલાઈ શુક્રવારથી તા. ૨૪ ઓગષ્ટ સોમવાર ભાદરવા સુદ છઠ સુધી સુથરી ગામે કરી કર્મ નિર્જરા કરવા સુથરી સંઘ આમંત્રણ આપે છે.

ત્વરિત પોતાનું નામ ફોન નંબર સંઘના કાર્યકરોને જણાવવા જીજ્ઞેશ છેડા ૯૭૨૬૨૧૩૮૨૭, ખુશાલ છેડા ૮૦૯૭૬૭૯૦૦૬, વિજય ધુલ્લા ૯૮૬૯૭૦૩૩૫૩, રમેશ લોડાયા - ૯૮૯૨૦૦૩૯૪૦.

શ્રી સુથરી જૈન સંઘ, વર્તમાનમાં કોરોના મહામારી ઉપદ્રવને લક્ષમાં રાખી માતુર્માસ દરમ્યાન લાગુ થયેલ સરકારી નિયમોનું પાલન કરી ઉજવણી માટે પ્રયાસ કરશે. જેમકે પ.પૂ. મુનિરાજ દ્વારા ગામમાં ચાતુર્માસ પ્રવેશને દરેક વ્યક્તિ વચ્ચે અંતર જાળવણી એટલે કે સોશ્યલ ડિસ્ટન્સ.

# ડોંબિવલી (વેસ્ટ) સંઘના શ્રી મુનિ સુવ્રત સ્વામી ચૌમુખજી જિનાલયનો ૩ જો ધ્વજા મહોત્સવ રંગેચંગે થયો



ડોંબિવલી (વેસ્ટ) સંઘમાં શ્રી મુનિસુવ્રત સ્વામી ચૌમુખજી જિનાલયનો ૩ જો ધ્વજા મહોત્સવપ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ વિધિ વિધાન પૂર્વક પ.પૂ.સાધ્વી શ્રી ચારુદર્શન શ્રી જી મ.સા.આદિઠાણાની પાવનકારી નિશ્રામાં સરકારશ્રીની આપેલ સૂચનાઓનું પાલન કરીને કરવામાં આવી.

નૂતન ધ્વજાનો ચડાવો ચંદ્રિકાબેન જયંતિલાલ ગાલા પરિવારે ૫૫૫૫ મણમાં લીધેલ. સંઘએ લાભાર્થી પરિવારની અનુમોદના કરી હતી સાથે સંઘના શ્રાવક શ્રાવિકાઓને સહર્ષ વધાઈ આપી હતી.

# હાલાર પ્રાંતના મોડપર સંઘના સુપાર્શ્વનાથ દાદાના જિનાલયનો ધ્વજા રોહણ મહોત્સવ યોજાયો

તા. ૨૯ મે ૨૦૨૦ શુક્રવાર દિને સવારે ૧૦ કલાકે ગુજરાતના હાલાર પ્રાંતના અને જામનગરથી ૪૩ કિ.મી. આઘા આવેલા મોડપર નગર સંઘમાં સુપાર્શ્વનાથ દાદા જિનાલયના વર્ષગાંઠ પ્રસંગે ધ્વજારોહણ મહોત્સવ ભવ્યતાથી થયો. વિધિપૂર્વક ધર્મ આરાધનો ભણાવી સંઘના હાજર શ્રાવક જન દ્વારા ધ્વજારોહણ થઈ. જામનગરથી સુનીલ માણેકજી લોડાયા અને તિલકચંદ્ર જયંતિલાલ ખોના આ અવસરે ખાસ હાજરી આપી હતી.



લોકડાઉનની પરિસ્થિતિ વશ લાભાર્થી પરિવારો મોડપર ન પહોંચી શક્યા તેથી આવતા વર્ષે સન ૨૦૨૧માં આ લાભ તેઓ સૌને અપાશે.

શ્રી સુપાર્શ્વનાથ દાદાની ધજાનો લાભ માતુશ્રી મંજુલાબેન મુલચંદ હીરજી લોડાયા મોટી ખાવડી. ઔરંગાબાદ હસ્તે અ.સૌ. કલ્પના રાજેન્દ્ર અને શ્રીમતી (જયશ્રી) ધર્મિષ્ઠા મુકેશ શાહ લોડાયા. શ્રી કેસરીયા આદિનાથ જિનાલયની ધજાનો લાભ અખંડ સૌ. પલક દર્શન જયેશ હરીયા પરિવાર મોડપર મુલુંડ હસ્તે અ.સૌ. ભાવના પંકજ ધરમશી અને ગુરૂ મંદિરની ધજાનો લાભ માતુશ્રી નવલબેન ભાયચંદ ધરમશી પરિવાર રંગપુર-ડોંબિવલી હસ્તે ઝરણા નીતિન ધરમશી ના નામે છે. આ સૌ પરિવારોએ આ વરસના મહોત્સવ માટે ખુશાલી સાથે રૂ. ૧૧૦૦૦ સાધારણ ફંડમાં ફાળો લખાવેલ છે. જે માટે સંઘએ તે સૌની ભૂરી ભૂરી અનુમોદના કરી હતી.

મોડપર સંઘમાં દર વર્ષે ધ્વજારોહણ પ્રસંગે અષ્ટ પ્રકારી પૂજાની વાર્ષિક બોલી બોલાય છે. તેની વિગત નીચે મુજબ છે. વાક્ષેપ પૂજા, પક્ષાલ પૂજા, અંગલૂંછણા, કેસર ચંદન, બ્રાસપૂજા, પુષ્પ પૂજા, દીપક પૂજા, ધૂપ પૂજા.

ઉપરોક્ત વિશિષ્ટ લાભ લેવા માટે મોડપર પર્યૂષણ મહોત્સવ ગ્રુપમાં બોલી રૂ. ૧૧ હજારથી અથવા વધારે લખાવવા. સંઘની નમ્ર વિનંતી. આ પ્રસંગે પધારવા ભાવભર્યું નિમંત્રણ પણ શ્રી મોડપર સુપાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટના ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યો દ્વારા અપાયું છે.

# બાંડીયા ગામમાં ધ્વજારોહણ મહોત્સવ વિધિપૂર્વક સંપન્ન

કચ્છ અબડાસા તાલુકામાં બાંડીયા ગામે વિમલનાથ દાદાની ૧૩૩મી ધ્વજારોહણ જેઠ સુદ ૨, તા. ૨૪-૫-૨૦૨૦ રવિવારે ગામના કદઓ ગામવાસીઓ દ્વારા ભારત સરકારના આદેશ અનુસાર સાદગીથી પણ વિધિપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું.





# સુથરી ક.દ.ઓ. જૈન મહાજનના સૌ પરિવારો તથા નિયાણી પરિવાર જોગ સંદેશ

હાલે કોરોના વાયરસ મહામારીની પરિસ્થિતિ સમયે સુથરી ક.દ.ઓ. જૈનના સૌ ગામવાસીઓ તેમજ નિયાંણી પરિવારજનો જો રાજ્ય બહારથી સુથરી બાય રોડ આવી રહ્યાં હો તો આપ સૌને વિનંતી સાથે સૂચના કરવાની કે સામખિયાળી ચેક પોસ્ટ ઉપર સુથરીમાં જ ઉતારા વ્યવસ્થા માટે ત્યાં તપાસ અધિકારીઓને જણાવશો અન્યથા આપને સાત દિવસ અન્ય ગામમાં ક્વોરોનટાઈન માટે મોકલી દેવામાં આવશે. જો ડાયરેક્ટ સુથરી જવા દેવામાં તેમના તરફથી કંઈ આપને કંઈ તકલીફ પડે તો તુરંત સુથરી ઓફિસમાં સંપર્ક કરી આપના આવવાની જાણ કરશો જેથી આપના ઉતારા માટેની વ્યવસ્થા સુથરીમાં કરવા સરકારશ્રી પાસેથી મંજૂરી મેળવી આપને મદદરૂપ થઈ શકીએ.

હાલમાં સરકરાશ્રીના નિયમાનુસાર રાજ્ય બહારથી આવતા પ્રવાસીઓને ૭ દિવસ સરકાર હસ્તકના કોરોનટાઈન અને બીજા સાત દિવસ હોમ કોરોનટાઈનમાં રહેવું ફરજિયાત છે.

આ મેસેજનો ઉદ્દેશ બાય રોડ આવતા ગામવાસીઓને મદદરૂપ થવા માટેનું છે. સુથરી જૈન સંઘ વતી જીજ્ઞેશ છેડા મો. ૯૭૨૬૨૧૩૮૨૭ તથા શૈલેશ ગોર ૯૯૭૯૯૧૯૧૬૧

# શિવમસ્તુ સમવસરણ જૈન તીર્થથી મુનિ પૂંણભદ્રસાગરજી મ.સા.નો સામૂહિક નવકાર મહામંત્ર માટે સંદેશ

વિશ્વ શાંતિના મહાઅભિયાન સ્વરૂપ ૯૯,૯૯,૯૯,૯૯૯ શ્રી નવકાર મહામંત્ર સામૂહિક જાપમાં સૌ તા. ૩૧ મે રવિવાર સવારે ૮.૪૧ થી બપોરે ૧૨.૪૧ સુધી અચૂક જોડાય. એવું આહવાન મુનિ પૂર્ણભદ્રસાગરજી મ.સા. એ આપ્યું છે. કલાક છે ચાર.. કરી શકે છે ભવપાર. એવો સંદેશ પૂજ્યશ્રીએ આપ્યું છે.

આખી જિંદગી ઊંઘ આરામને હરામ કરીને બજારમાં ભટકો તોય જે કમાણી ન થઈ શકે એ ઘેર બેઠા નવકારના જાપમાં જોડાઈને થઈ શકે છે. સંસારિક ટોચમાં ટોચ કક્ષાના ભોગ સુખો કે રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ આપવીએ તો નવકાર મંત્ર માટે મામુલી અને ડાબા હાથનો ખેલ જેવી વાત છે.

નવકાર મંત્ર સ્મરણનું શ્રેષ્ઠ-શ્રેષ્ઠ તમ સર્વોચ્ચ ફળ શું છે? વાંચો એક શ્લોકનો માત્ર ભાવાર્થ. આ નવકાર મંત્ર શું છે?

● સમગ્ર સંસારમાં એક માત્ર સાર ● બધા પાપોનું તો એક દુશ્મન છે ● ભયંકર વિષને હરનાર છે. ● જગતની સર્વ સિદ્ધિઓના દાતાર ● જૈન ધર્મનો આ વિશ્વ મંત્ર છે. ● ત્રણેય જગતમાં અનુપમ ● દુ:ખમય સંસારનો ઉચ્છેદ કરનાર ● કર્મોને નિર્મલ કરી નાખનાર ● મોક્ષ સુખને જન્મ દેનાર છે ● ઉપાધિઓના મૂળ જન્મનું જ મૃત્યુ કરનાર શ્રેષ્ઠ મંત્ર છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# આગામી ચાતુર્માસને ધ્યાનમાં રાખી સાધુ-સાધ્વીજી મ.સા.ના વિહાર માટે શાસનની પરવાનગી મળી



મહારાષ્ટ્ર સરકારના ડિઝાયસ્ટર મેનેજમેન્ટ, સહાય અને પુર્નવસન વિભાગ દ્વારાના તા. ૨૯ મે શુક્રવારના પોલીસ મહાપ્રબંધર સર્વે જિલ્લાધિકારી, મેજિસ્ટ્રેટ અને જિલ્લા પોલીસ અધિક્ષક જોગ જૈન ધર્મના આગામી ચાતુર્માસને અનુલક્ષી સાધુ-સાધ્વીજી મ.સા.ના વિહાર પ્રવાસ માટે પરવાનગી આપવાની સૂચના જારી કરાઈ છે.

આ પરવાનગી પત્ર મુજબ જુલાઈ માસથી ચાતુર્માસ પ્રારંભ થવાનો હોઈ તે પહેલાં સાધુ સાધ્વીજીઓને નિર્ધારીત ચાતુર્માસ સ્થળે પહોંચવાનું હોતા સૌ પગપાળા વિહાર કરીને કે અવસ્થા વશ કે અસશક્ત અવસ્થા કે નબળી પ્રકૃતિના કારણે વ્હીસચેર પર સેવક સાથે વિહાર પ્રવાસ કરે છે.

હાલે પ્રર્વતમાન લોકડાઉનને કારણે સૌ સાધુ સાધ્વીજીઓના વિહાર બંધ હતા. પરંતુ પવિત્ર ચાતુર્માસ સ્થળે તેમનું પહોંચવું અનિવાર્ય છે જે માટે નીચે લિખિત નિયમોને આધિન તેમને વિહાર માટે પરવાનગી પ્રદાન કરવી.

પગપાળા પ્રવાસ કરતાં ગર્દી ન થાય અને પાંચ જણાથી વધુ જણ એક સાથે પ્રવાસ ન કરવું. જે સ્થળે મુકામ હોય તે સ્થળે ગીર્દી ન થાય તેની કાળજી લેવી. કોવિડ-૧૯ સંદર્ભે કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની સૂચના અનુસારના નિયમોનું કાળજી પૂર્વક પાલન થાય તે જોવું. પ્રવાસ દરમ્યાન પણ બે વ્યક્તિ વચ્ચે પુરતો અંતર જળવાઈ રહે. સોશ્યલ ડિસ્ટેન્સીંગ જળવાઈ રહે અને માસ્ક વાપરાય એ માટે દક્ષતા રાખવી. તે સાથો સાથ પ્રવાસ દરમ્યાન અને વાસ્તવ્ય સ્થળે તેઓની સુરક્ષતા જળવાય અને કાયદા વ્યવસ્થાનું પાલન થાય એની જવાબદારી પોલીસ પ્રશાસન કાળજી પૂર્વક જાળવે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સર્વોદય મંડળ મુલુંડએ પોતાની પરંપરા જાળવી રાખી




શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડ છેલ્લા ૫૩ વર્ષથી વાસુપૂજ્ય જિનાલયમાં અચલગચ્છના અધિષ્ઠાયિકા દેવી મહાકાળી માતાજીની ભાવના દર મહિને ભણાવે છે.

કોરોના વાયરસની મહામારીના કારણે મહાકાળી માતાજીની ભાવના આ મહિને એક નવા પ્લેટફોર્મ 'યુ ટ્યુબ' પર રજુ કરવાનો વિચાર મંડળના પદાધિકારીઓને આવતા પ્રિતીબેન શાહ અને અરવિંદભાઈ વેદાંતને આપણા વડીલ ગાયક હંસકુમાર મૈશેરીના સહકારે કાર્યક્રમ ઘડવાનું કહેવાયું અને તા.૨૪મે ૨૦૨૦ના રોજ ૯ વાગે કાર્યક્રમ યુ/ટ્યુબ પર https://youtu.be/y8XqFNWezXE રજુ થયો. વર્ષોથી કાર્યક્રમમાં હાજરી આપતા જ્ઞાતિજનો કે જેઓ હાલમાં ઉંમરને કારણે હાજર નથી રહી શકતા તેઓએ ઘરમાં જ પોતાના વ્યક્તિગત માહોલમાં તેને માણ્યો અને ગદ્‌ગદ્‌ થઈ ગયા.

આ કાર્યક્રમ ૭૦૦ થી ૮૦૦ જણે તેના સમય દરમ્યાન માણ્યો.

આટલો સરસ પ્રતિસાદ મળતા મંડળના પદાધિકારીઓ ભવિષ્યમાં આ પ્રમાણેનો કાર્યક્રમ નવા ફ્લેવરમાં રજુ કરવાનું વિચારી રહ્યા છે કે જેથી વધુ ભાવિકોને માણવાનો અવસર મળે.

આ કાર્યક્રમને હંસકુમાર મૈશેરી, પ્રિતીબેન અને અરવિંદભાઈએ તાલબધ્ધ રીતે સંગીતમય ભક્તિ ભાવના ભણાવી.





# કેડીઓ સી.એ. અસોશીયેશન દ્વારા વેબિનાર સીરીઝ



કેડીઓ સી.એ. અસોશીયેશન દ્વારા નવમું વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં **SUCCESSION PLANNING, WILLS & NOMINATIONS** વગેરે મુદ્દાઓ ઉપર મિનલ ભરત ખોના (સુથરી હાલ નવી મુંબઈ) જે હાઈકાર્ટના વકીલ છે. તેઓ ૨૭ વર્ષથી આ વ્યવસાયમાં જોડાયેલ છે. આ વેબિનારમાં ૧૩૬ લોકોએ ભાગ લીધો હતો, જેમને મિનલબેને ખૂબ જ સરળ તથા ઉંડાણ પૂર્વક સમજ આપી.

વધુ વિગત માટે તમે યુ ટ્યુબ https://youtu.be/eDIUVMirqPE







KDO CA Association - Webinar Series

| Sr. No. | Topic Name | Speaker | Date | Presentation link | YouTube Link |
|---|---|---|---|---|---|
| 1 | Vivad Se Vishwas Scheme, 2020 | CA Nirmal Nagda | 11th April 2020 | https://drive.google.com/open?id=1U4dassdm9NqGdgIZE044zOUWMaAIzi5V | https://youtu.be/UvOa5TAVjFg |
| 2 | Recent Amendments in Income Tax Laws | CA Charvik Momaya | 15th April 2020 | https://drive.google.com/open?id=1cbAqTDMTSB5bYzrBDMgB2XQRNDcZTK7b | https://youtu.be/gH0vIuqi62E |
| 3 | Recent Developments in GST | CA Raj Khona | 22nd April 2020 | https://drive.google.com/open?id=1PbW2PzKhG5WE2bp5-TxoDqjtXZoQcbVb | https://youtu.be/4n5Vyis-7KE |
| 4 | Recent Amendments in Companies Act, 2013 | CS Divya Momaya | 29th April 2020 | https://drive.google.com/open?id=1aWjnXXPcxkfNQEjXSv4FE4m-SskxJlWN | https://youtu.be/aa4GLpv_LVc |
| 5 | Exploring LinkedIn - social media platform for professionals | CA Jatin Lodaya | 06th May 2020 | ---- | https://youtu.be/yljuEG-ojtI |
| 6 | Analysis of Related Party Transactions from different laws perspective | CA Anjul K Mota | 13th May 2020 | https://drive.google.com/open?id=1CDjkchOHzELiBgUbkAC1YY5tHvkdQnZF | https://youtu.be/LFs1Mn_oh9Y |
| 7 | Recent Amendments in TDS, TCS, Charitable Trusts and Presumptive taxation provisions | CA Mehul Shah | 16th May 2020 | https://drive.google.com/open?id=1TPxFaHhGe3yL979FdjpYOMSC3oDo8VOu | https://youtu.be/yT-psHilkj4 |
| 8 | Art of Investing - Its simple not easy | Mr. Ravi Dharamshi | 20th May 2020 | https://drive.google.com/open?id=1yle0SYxzM7VoDDtfIikefVB1fVSkUrQR | https://youtu.be/5K5pggsGzjw |
| 9 | Succession Planning, Wills and Nominations | Adv. Minal B. Khona | 27th May, 2020 | https://drive.google.com/open?id=1I0W7c_zQnCNDH8ah39Fueax2oDMhU9jB | https://youtu.be/eDIUVMirqPE |
| | | | | | |

# Upcoming KDO CA Association Webinar

**Cyber Security for Professionals, Business owners & every KDO member**

**Speaker**

## Mr. Sachin Dedhia



**An independent Cyber Crime Investigator & Certified Ethical Hacker (EC-Council, USA)**

**3rd June 2020 at 5.30 p.m to 7.30 p.m.**

**to join : https://global.gotomeeting.com/join/428216205**

# લોકડાઉન દરમીયાન "કેડીઓ કિચન ક્વીન"નું શુભારંભ




હાલની આ મહામારી સંજોગોમાં આપણા સમાજની સ્ત્રીઓનો સારો એવો સમય લજ્જતદાર, સ્વાદીષ્ટ વ્યંજન બનાવવામાં તથા વિચારવામાં જાય છે. આવી સ્ત્રીઓની ભાવનાઓને ધ્યાનમાં રાખી એડવોકેટ ઉદય લોડાયા (મુલુંડ), તિલકચંદ કુંવરજી લોડાયા (નિવૃત્ત ચીફ કમીશનર, ઈન્કમટેક્સ) અને હર્ષા લોડાયાએ તા. ૨૧-૪-૨૦૨૦ના રોજ KDO KITCHEN KWEEN (KKK) નામનું વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવ્યું જેમાં ૫૦૦ થી વધુ મહિલાઓ સહભાગી બની

આ ગ્રુપનાં ઉદ્દેશ નીચે મુજબ છે:

અ. આજના જમાનાનાં સંતાનો ને ભાવતી અંતર રાષ્ટ્રીય વાનગીઓ બનાવવાની કલામાં પારંગત થવું અને હોટેલ્સ માં જવાનું ઓછું કરવું.

બ. આપણી પરંપરાગત વાનગીઓ વધુ આકર્ષક અને સુંદર રીતે બનાવવી;

ક. આપણી ભોજન પદ્ધતિ ધીરે ધીરે બદલવી જેથી કરીને આપણી સ્ત્રીઓને રસોડામાં ઓછો સમય ગાળવો પડે જેમકે તામીલ, બંગાળી અને મરાઠી સ્ત્રીઓ ગોઠવે છે.

ડ. આપણાં સંતાનોને રસોઈ કલામાં પારંગત બનાવવા જેથી કરીને આવા કપરાં સમયમાં આત્મનિર્ભર બની શકે.

ઇ. કદઓ સંતાનોને અંતર રાષ્ટ્રીય સ્તરે પાક શાસ્ત્રમાં પારંગત બનાવવા.

ફ. કદઓ મહિલાઓનું કાયમી ધોરણે બહુમુખી ગ્રુપ બનાવવાનું જેનો ઉપયોગ સામાજિક અને આર્થિક વ્યવસ્થા પ્રગતિશીલ બનાવી શકાય.

સુત્રધારો દર અઠવાડિયે અવનવી વાનગીઓ બનાવવાં નુ એક નવું ફિંતસ ( વિષય) આપવામાં આવે છે. તેઓ પોતે પણ એક અલાયદા અને અવનવી વાનગીઓ મોકલે છે. અત્યાર સુધી નીચે ના વિષયો આપવામાં આવેલ છે:

૧. બુંદી ની વાનગીઓ, ૨. ઉનાળાના ઠંડા પીણા, ૩. બચેલ રોટલી ની વાનગીઓ, ૪ આપણી પારંપરિક વિસરાતી વાનગીઓ, ૫. Tea time cakes, ૬. મસાલા.

દર વિષય પર ૨૫/30 વાનગીઓ આવે છે. આવી અવનવી અને મોઢામાં પાણી લાવનાર વાનગીઓની blog post face bookમાં આપવામાં આવશે.

**KDO KITCHEN KWEEN GROUP 1 and 2 ના સુત્રધાર છે:**

1 Harsha Uday Lodaya, Mulund, Mumbai;
2. Daksha Lajesh Mota, Navi Mumbai;
3. Urmi Hemang Lodaya, Dombivli;
4. Rashmi Rajesh Ajani, Chembur, Mumbai;
5. Manorama Tilakchand Lodaya, Chennai.












SARWANGI VIKAMSEY
Occult Science Consultant, Yoga & Meditation Trainer, Counselor, Holistic - Healer.
More than 15 year's of experience.
MYSTIC
HEAL PAST, KNOW PRESENT & FUTURE TO TRANSFORM LIFE...!
Get Guidance & Learn
☆ Tarot Card Reading
☆ Angel Guidance
☆ Face Reading
☆ Runes Caster & Master
☆ Handwriting Analyst
☆ Numerology
☆ Pendulum Dowsing
☆ Pyra-Crystal Vastu , Fengshui
In Healing
☆ Chakra Healer
☆ Crystal Healer
☆ Theta Healer
☆ Hypno - NLP Therapy
☆ Reiki
Also Available for Events & Parties.
Contact No : 09920621470 / 09082115201
Email : sarwangi@gmail.com

# લોકડાઉનના તણાવમાંથી મુક્ત થવાની ચાવી

**કોરોનાની મહામારીમાંથી બચવા માટેના વિવિધ પ્રકારના સાવચાતી ભર્યા પગલા લેવાય છે,**

**પરંતુ તમારા Stress માટે શું ?**

અમી પ્રતિક લોડાયા દ્વારા બે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં **WHO**ના દિશા નિર્દેશો પર વિશેષ ભાર આપી **Stress Management** માટે લોકડાઉનના સમયમાં લાંબા સમય સુધી **Stress** તમારી રોગપ્રતિકારક શક્તિ પર અસર કરે છે. તેની સામે કેવી રીતે લડત લઈ શકો છો તેનું જ્ઞાન વેબિનાર દ્વારા આપવામાં આવ્યું.




આ વેબિનાર તા. ૨૯-૪-૨૦૨૦ અને તા. ૧૦-૫-૨૦૨૦ના દિવસે યોજવામાં આવેલ હતા, જેનો બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો. જેમાં તાણ એટલે શું ? તે કેવી રીતે થાય છે ? તણાવ કેવીરીતે તમારા શરીરને અસર કરે છે. તે સમજવા માટે પ્રશ્નાવલી (શારીરિક, માનસીક, ભાવનાત્મક અને વર્તણુકીય લક્ષણો તમને કેવીરીતે અસર કરે છે.) તૈયાર કરવામાં આવી હતી.

એને કેટલાક સરળ ઉપાય જેવી કે **4A, grounding unhooking thoughts, discussion on how disrupted pattern of thinking leads to stress, Mindfulness breathing demonstration with practice of "grounding" n "stop" techniques.** વગેરેની મદદથી સમજાવવામાં આવ્યું.

# Value Of Time



Covid_19 haclife time" experience. Well starting first week was taken as a real time Rest. Without going out for anything, even the police didn't allow us to roam around. After this, we got slowly used to it n hoping that initial 3 weeks period shall be over soon. But alas it was not to be. Though it was getting g little boring, but then this was time, when all neighborhood, n all others in our two building ( complex) came together. We had all kings of sharing thoughts. Consoling each other in their difficult time. N today we have come. Knowing each other very well n bonding has been much stronger than ever before. A life time experience. We always believe " "Everything has to move forward. Even this bad time shall also go away" n shall be a thing of the past. Now to day, situation has improved a lot. Many of us back on their normal life. But sweet memories shall always remain in our mind for long. Jai Bharat.. (no bad experience at all. So no more words)

# પ્રબોધ મુનવર અને ગુલાબ દંડને મળ્યા કોરોના યોદ્ધા

અખંડ રાષ્ટ્રીય હિન્દુ સેના દ્વારા પૂરા દેશભરમાં ચાલી રહેલી કોરોના વાયરસની વિરૂદ્ધની લડાઈમાં પોતાના સ્વાસ્થ્ય કે પરિવારની ફિકર કર્યા વગર નચિંત પણે રાષ્ટ્રની સેવા, સમાજ જનોની જરૂરિઆત માટે યથા ઉચિત સમય અને સંસાધન દ્વારા સતત સેવા કરનાર અને સામાન્ય જનમાનસના હિત માટે વિવિધ પ્રકારની સેવા પ્રકલ્પથી રાષ્ટ્ર સેવામાં અખંડ યોગદાન આપનાર કોરોના યોદ્ધા વ્યક્તિઓ અને સંસ્થા સંચાલકોનું અખંડ રાષ્ટ્રીય હિન્દુ સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ આર.પી. સિંહ બઘેલ દ્વારા સન્માન પત્ર આપાયા. જેમાં મૂળ કોઠારાના હાલે વર્ધમાન નગર ભુજમાં રહેતા માનવ જ્યોત કચ્છના મુખ્ય પ્રભારી પ્રબોધ હિરાચંદ મુનવરનું પણ કોરોના યોદ્ધા સન્માન પત્ર આપી ગૌરવ કરાયું છે. આમ તેમની કોરોના યોદ્ધા તરીકે આપેલ સેવાઓને બિરદાવવામાં આવી હતી.






અખંડ રાષ્ટ્રીય હિન્દુસેના ભુજ તાલુકા પ્રમુખશ્રી મન્નેસિંહ શિવભા જાડેજા લખપત તાલુકા પ્રમુખ વિક્રમસિંહ જાડેજા, વિજયરાજસિંહ સોઢા, લાખુભા જાડેજાએ માનવજ્યોતની ભૂખ્યાને ભોજન તથા કોરોના સંકટ વચ્ચે જરૂરતમંદ લોકો સુધી પહોંચી જઈ લોકોની વચ્ચે રહીને લોકોને મદદરૂપ થવાના કાર્યોની નોંધ લઈ તેઓની માનવસેવાની પ્રવૃત્તિઓને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી.

લોકડાઉનના સમયમાં અમદાવાદના રહેવાસી ગુલાબ ધનજી દંડ (પરજાઉ) જે કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન (અમદાવાદ)ના મેનેજીંગ ટ્રસ્ટી છે એ જરૂરતમંદોને દરરોજ ૭૦૦ થી ૮૦૦ ફૂડ પેકેટ વિતરણ કરેલ છે તે બદલ AMC તરફથી તેમની સેવાને બિરદાવવામાં આવ્યું.

## જ્ઞાતિમૈયા આપના કાર્યોને સલામ કરે છે

**કોરોના વાયરસની મહામારીમાં જેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય થયા હોય તેઓએ પોતાના નામ, સરનામા અને જે કાર્ય કર્યું હોય તેની વિગત સાથે અમારો સંપર્ક કરવો**

**મનિષા લાલકા - ૯૮૨૦૫૪૫૭૩૪**

**વર્ષા લોડાયા - ૯૮૩૩૦૭૨૮૭૯**

# સેવાભાવી કેડીઓ

ભારતીય હોવાની પુરી ફરજ બજાવવામાં નિપૂર્ણ એવા આપણા કેડીઓ ભાઈ સચિન હીરાચંદ મોતા અને તેમના મિત્રો હાલ ભાંડુપના રહેવાસી કોઈપણ એરીયા હોય ત્યાં રોજનું રોજ પોતાના સમયના અનુકૂળતા પ્રમાણે બિલ્ડીંગ, રેલ્વે સ્ટેશન, દેરાસર, હોસ્પિટલ ઈત્યાદિ ઈમારતોને સેનેટાઈઝ કરે છે.





# કોરોના સામે લડત

આજની આ મહામારી બીમારી કોરોનાનું નામ માત્ર સાંભળીને ફળફળી જવાય છે. તેવામાં નિલેશ શિવજી મૈશેરી



(વારાપધર) હાલ ડોંબિવલી ઉ. ૪૮ ની વયે તા. ૩૦ એપ્રિલના દિવસે તેમને બી.પી.ની તકલીફ મહેસૂસ થતા ડૉક્ટર પાસે તપાસણી માટે ગયા ત્યારે કોવિડ -૧૯ ના કોઈપણ લક્ષણ નહોતા છતાં પણ ડૉક્ટરના કહ્યાં મુજબ ચેકઅપ કરતા તેમને કોવિડ -૧૯ પોઝિટીવ આવ્યું. તેમણે હિંમત અને નિડરતાથી ૧૨ દિવસ કલ્યાણ હોસ્પિટલમાં સારવાર લીધી



હોસ્પિટલમાં સારવાર દરમ્યાન અમને જનરલ એન્ટીબાયોટિક, મલ્ટી વિટામીન ગોળીઓ અને કફ સિરપ આપવામાં આવતા હતા. આ ઉપરાંત અમારું ટેમ્પરેચર અને ઓક્સિજન સેચ્યુરેશન નિયમિત ચેક થતું હતું. હોસ્પિટલમાં બહુ જ સારી રીતે અમને સારવાર આપવામાં આવી.

જેની મદદથી તે કોવિડ -૧૯ને લડત આપી હરાવી શક્યા.






# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● રખડતા ગૌવંશને પ્લાસ્ટિર મારે છે તેવો સ્પષ્ટ મત અનુભવના આધારે પશુ ચિકિત્સક ડૉ હરેશભાઈ ઠક્કર વ્યક્ત કરતાં કહ્યું કે રખડતા ઢોરને પાંજરાપોળ-ગૌશાળામાં મોકલાય તો ત્યાં પણ લાંબુ જીવી શકતા નથી. મગર અને દીપડા જેવા રાની પશુના પોસ્ટમોર્ટમ કરી ચૂકેલા ડો. ઠક્કર વધુમાં જણાવ્યું કે રખડતા છોડી મુકાતા ઢોરમાં મુખ્યત્વે ગૌવંશજ હોય છે. તે ભૂખના માર્યા પ્લાસ્ટિક ઝબલાં જેમાં ખાદ્યપદાર્થો, શાક સમાર્યા બાદ વધેલો ભાગ કે એઠવાડ વગેરે પ્લાસ્ટિક ઝબલામાં ફેકનારને એ પશુઓ માટે કેટલો જોખમી બનશે એનો ખ્યાલ હોતો નથી. પશુ ખોરાક અલગ કરી ન શકવાને લીધે તે સહિત ખાઈ જાય છે. મોઢામાં ગયેલી પ્લાસ્ટિક થેલી વાગોળતા પેટમાં ચાલી જાય છે. હોજરીની ગરમીને કારણે તે ગોળ ગોળ દડા જેવો ગઠો બની જાય છે. ને છાણ સાથે તે આંતરડામાંથી બહાર પણ  નીકળી શકતો નથી. આને લીધે હોજરીની જગ્યા ઓછી થતી જાય છે. તેથી ઢોર પેટ ખાલી હોવા છતાં ઈચ્છા હોવા છતાં ખાઈ શકતું નથી. આમ ઓછી ખોરાકીને લીધે કુપોષણનો ભોગ બની કૃષ થઈ ભૂખમરાથી મોતને ભેટે છે.

● માંડવી તાલુકાના વાંઢગામના ૫૮ વર્ષીય ભક્ત સંઘાર રવજી કેશરભાઈ નખત્રાણા તાલુકા મોટા યક્ષ (કક્કડભિટ)ની પાંચ વર્ષમાં ૨૯૭ વખત પદયાત્રા કરી છે. દર મહિનાના પ્રથમ સોમવારે સવારે ત્રણ વાગે ઊઠીને ચાર વાગ્યે યક્ષ બોંતેર દેવના દર્શન કરવા વાંઢથી દરશડી, લુડવા, ભેરૈયા, કુરબઈ, જીયાપર, મંગવાણા, પલીવાડ થઈને મોટા યક્ષ ૩૩ કિ.મી.નું અંતર કાપી ૧૦ વાગે પહોંચી આવે છે. હમણા તેમની સાથે ત્રણથી ચાર જેટલાં લોકો આવે છે. જ્યારે શરૂઆતમાં તેઓ એકલા આવતા હતા. સથવારો હોય કે ન હોય પણ રવજીભાઈએ યક્ષ દેવતા દર્શને પગપાળા જવાનો ધ્યેય સાથે સાથે આજે પણ પોતાનો નિયમ અડગપણે જાળવી રાખ્યો છે.

● કેન્દ્ર સરકારના બજેટમાં કચ્છના ધોળાવીરાને આઈકોનિક ટુરીસ્ટ પ્લેસ તરીકે વિકસાવાનો નિર્ણય કર્યો છે. તો રાજ્ય સરકારે પ્રવાસન વિકાસની ગ્રાન્ટમાથી ધોળાવીરા પાસે રણકાંધી નજીક આવેલ ભાંજડા દાદા મંદિરને પ્રવાસન સ્થળ તરીકે વિકાસવાનો નિર્ણય લેવાયો છે. અત્રે ૧.૮૬ કરોડના ખર્ચે સનસેટ સિટીંગ, ગેબિયનવોલ, વોકવે સહિતના કાર્યો હાથ ધરાશે.

● ભુજમાં વાગડ બે ચોવીસી સ્થાનિક જૈન મહાજન ભુજ દ્વારા હૃદયરોગ તથા કેન્સર રોગ માટે કેમ્પ યોજાયો. જેમાં ૧૫૦થી વધુ સભ્યોએ કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પમાં તમામ દર્દીઓના જરૂરિયાત મુજબના રિપોર્ટ મફત કરી આપવામાં આવ્યા હતા. વાગડ બે ચોવીસી યુવક મંડળનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

● રાજ્ય વન વિભાગ દ્વારા કચ્છના રણમાં વસતા જંગલી ગધેડાની એક માત્ર જાત ઘુડખરના સંવર્ધન સંરક્ષણના કાર્યક્રમના ભાગરૂપે ઘુડખર વસતી અંદાજનું મહા અભિયાન કચ્છ ઘુડખર અભયારણ્ય દ્વારા યોજાયું હતું. જેમાં સ્વૈચ્છિક રીતે જોડાયેલી પેલીકન નેચર ક્લબના સભ્યો દ્વારા આ વરસે ઘુડખરની સંખ્યામાં ૨૦થી ૨૫ ટકાનો વધારો નોંધાશે તેવું અવલોકન કર્યું હતું.

● ભગવતી બાળ મંડળ દ્વારા નાડી વૈદ હાજી સાલેમામદ જતના માર્ગદર્શન હેઠળ આરોગ્ય કેમ્પ યોજાયો આ પ્રસંગે નાડી વૈદએ પોતાના અનુભવની વિગતો અને કચ્છમાં થતી બે હજારથી વધારે વનસ્પતિઓ વિશે માહિતી આપતી એમના દ્વારા પ્રકાશીત પુસ્તક કચ્છની વનૌષધિ પુસ્તક મંડળ અધ્યક્ષને ભેટ આપ્યું હતું.

● ભુજનાગર મહિલા મંડળ દ્વારા હાર્ટકેશ કોમ્પલેક્ષ ખાતે પ્રોપ ગેમ્શનું આયોજન કરાયું હતું. જેમાં મહિલાઓએ ભાગ લીધો હતો. ૨૨ બહેનો ફાઈનલ રાઉન્ડ સુધી પહોંચી હતી. ઓડિયન્શ માંથી ૧૨ વિજેતાઓને ઈનામ અપાયા હતા.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO